ઉપલેટા મેમન સમાચાર
ધી મુસ્લિમ કુતુબખાના - ઉપલેટા દ્વારા પ્રકાશિત...
માસિક મુખ પત્ર
ફાઉન્ડર માનદ તંત્રી : ગુલામકાદર ડી. ગાજી
ચીફ એડિટર : યુસુફ રજાક સોરઠીયા
વર્ષ : 11, અંક : 9, હીજરી : 1437, માહે રજબ, મે-2016, વાર્ષિક લવાજમ 200/- પ્રત : 2000


### ઉપલેટા મેમન સમાચારના પ્રથમ દાયકાની

# ''દશાબ્દી મહોત્સવ''ની શાનદાર ઉજવણી




૧૫ એપ્રિલ ૨૦૧૬ શનિવારનો દિવસ ઉપલેટા શહેરના વાસીઓ માટે અનેરો, ઉત્સાહ ભરેલો અને મનોરંજક પુરવાર થયેલો. અહીંની ધી મુસ્લિમ કુતુબખાના લાયબ્રેરી દ્વારા પ્રકાશિત ''ઉપલેટા મેમન સમાચાર'' તેની પ્રથમ દાયકાની સફર સફળતાપૂર્વક પાર કરતા, તેની દશાબ્દી મહોત્સવ ઉજવણીના એક ભાગરૂપે ઉપલેટાના ઈતિહાસમાં પ્રથમ વખત મેમન્સ ગોટ ટેલેન્ટ કાર્યક્રમ યોજાય ગયેલ. જેમાં ઉપલેટાના ઘણા બધા યુવક યુવતિઓ અને નાના-નાના બાળકોએ ઉત્સાહભેર ભાગ લઈ પોતાનું ટેલેન્ટ બતાવી સમગ્ર શ્રોતાગણને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ કાર્યક્રમમાં મહત્વનો ભાગ એ રહેલ કે, સમગ્ર કાર્યક્રમને નિહાળવા મોટી સંખ્યામાં હાજર રહેલ ભાઈ-બહેનો રાત્રિના ૨:૩૦ કલાક સુધી હાજર રહેલ હતા. આ તકે તમામ ઉપલેટાવાસીઓને બિરદાવીએ છીએ કે તેઓ સતત ત્રણ કલાક ઉપરાંતથી ખડેપગે ઉભા રહી કાર્યક્રમને નિહાળેલ હતો.

## ઉપલેટામાં પ્રથમ વખત યોજાયો મેમન્સ ગોટ ટેલેન્ટ કાર્યક્રમ

મર્હુમ અ.ગફાર પોચીની પ્રેરણા અને સહકારથી ''ઉપલેટા મેમન સમાચાર'' ૧ એપ્રિલ ૨૦૦૫ થી પ્રકાશિત કરવામાં આવેલ. જેના એક દાયકાની સફર આપ સૌના સ્નેહ અને સહકારથી સફળતાપૂર્વક પૂર્ણ થતા તેની ઉજવણી કરવાનું ધી મુસ્લિમ કુતુબખાના-ઉપલેટા ટ્રસ્ટ બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવેલ. જેમાં અમેરિકા સ્થિત જનાબ યાકુબ અ. ગફાર પોચીને હાજર રહેવા આમંત્રણ પાઠવવા તેઓ સહર્ષ સ્વીકારતા અને ઉપલેટા મેમન સમાજ સાથે વર્ષો જુનો ઘરોબો ધરાવતા અને હજી પણ દાદીમાં મહિલા ગૃહ ઉદ્યોગના વાર્ષિક ઉજવણી નિમિત્તે પ્રેરણાદાયક ઉદ્‌બોધન કરનાર મહોતરમા ડૉ. શહેનાઝબેન બાબી પણ ગેસ્ટ ઓફ ઓનર દરજ્જે કાર્યક્રમમાં હાજર રહેવા સંમતિ આપતા અને અહીંના જેસીઆઈ ટ્રેનર ડૉ. ગુણવંત નાયક પણ સમાજ સાથે વર્ષોથી સંકળાયેલ હોય મુખ્ય અતિથિ દરજ્જે હાજરી આપવાનું અમારૂં ભાવભીનું આમંત્રણ સ્વીકારી લેતા. તા. ૧૬-૪-૨૦૧૬, શનીવાર રાત્રે ૯:૩૦ કલાકે સંસ્થાના ગ્રાઉન્ડમાં દશાબ્દી મહોત્સવ ઉજવણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

આ કાર્યક્રમમાં પ્રમુખ સ્થાને જનાબ યાકુબ અ.ગફાર પોચી, ગેસ્ટ ઓફ ઓનર દરજ્જે મહોતરમા ડૉ.શહેનાઝ બાબી તથા મુખ્ય અતિથિ ડૉ. ગુણવંત નાયક હાજર રહેલ હતા. સાથોસાથ સમસ્ત મેમણ જમાત-ઉપલેટાના પ્રમુખ જનાબ ભોલાભાઈ ધોરાજીવાલા તથા ઓન. સેક્રેટરી જનાબ રફીકભાઈ મુસાણી હાજર રહી સ્ટેજની શોભા વધારેલ હતી.

કાર્યક્રમની શરૂઆતમાં મૌલાના હાજી ઉસ્માન દુર્રાની સાહેબે સુરએ રહમાનની તરજુમા સાથે તિલાવત કરેલ હતી.

કાર્યક્રમ પ્રોજેક્ટ ચેરમેન જનાબ ઈમરાન કાજલીયાવાલા, ધી મુસ્લિમ કુતુબખાના ટ્રસ્ટ બોર્ડના ટ્રસ્ટી જનાબ હાજી મજીદ હડફા, પ્રમુખ શ્રી જનાબ યાકુબ ગણોદવાલા, ઓન. સેક્રેટરી જનાબ ગુલામકાદર ગાજી, સમસ્ત મેમન જમાતના પ્રમુખશ્રી જનાબ ભોલાભાઈ ધોરાજીવાલા, ઓન.સેક્રેટરી જનાબ રફીકભાઈ મુસાણી તથા માનવંતા મહેમાનો શ્રી ડૉ. ગુણવંત નાયક, મહોતરમા ડૉ. શહેનાઝ બાબી અને જનાબ યાકુબ અ. ગફાર પોચીને સ્ટેજ કોલ દ્વારા ડાયસ ઉપર બીરાજમાન કરાયેલ હતા. જેઓને અનમ અફઝલ સોરઠીયા, કાયનાત મતીન હડફા, હબીબુન્નીશા કરીમ ગણોદવાલા દ્વારા પુષ્પગુચ્છ અર્પણ કરાવામાં આવેલ હતા.

અનુસંધાન પાના નં. ૩ ઉપર...

## ઈદઅંક-૨૦૧૬ની વિશેષ હરિફાઈઓ...


**1) સેલ્ફી ફોટો હરિફાઈ :** મોબાઈલમાં સુંદર, કલાત્મક વ્યુ સાથેનો ઓરિજનલ સેલ્ફી ફોટો લઈ ફોટા ઉપર મોકલનારનું નામ ટાઈપ કરી એક જ ઈમેજમાં **Whatsapp No. 9033661098** ઉપર પોતાના નામ, મોબાઈલ નંબર સાથે સેલ્ફી ફોટો મોકલવાનો રહેશે. શ્રેષ્ઠ ત્રણ સેલ્ફી ફોટાની પસંદગી કરી દરેકને રૂા. ૧૧૦૦/- લેખે રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

**2) મેમન આઈડલ-4 :** આ વર્ષે હિન્દી ભાષામાં પ્રકાશિત કરેલ પ્રશ્નાવલીના સાચા જવાબો સાથે ઈદઅંકના પેજમાં જણાવેલ શર્તો પૂર્ણ કરી **Whatsapp No. 9033661098** ઉપર મોકલવાનો રહેશે.

**3) વાર્તા હરિફાઈ :** ત્રણશો શબ્દો સુધીની જ પોતાની લખેલી મૌલિક વાર્તા સ્વચ્છ અક્ષરોમાં લખીને સંસ્થાના ઓફિસે મોકલવાની રહેશે. શ્રેષ્ઠ ત્રણ વાર્તાઓની પસંદગી કરી દરેકને રૂા. ૧૧૦૦/- લેખે રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

**4) કિચન કોર્નર હરિફાઈ :** રાબેતા મુજબ કોઈપણ એક મહિલા એક જ વાનગી અને તેની બનાવવાની રીત તથા સામગ્રીની સંપૂર્ણ વિગત સાથે સ્વ અક્ષરમાં લખી મોકલવાની રહેશે. (પ્રીન્ટ થયેલ વાનગી માન્ય રહેશે નહિ) શ્રેષ્ઠ ત્રણ વાનગીઓ પસંદ કરી દરેકને રૂા. ૫૦૧/-નો રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

નોંધ : ઉપરોક્ત તમામ હરિફાઈઓમાં ભાગ લેવાની આખરી છેલ્લી મુદત ૧ લી જુલાઈ-૨૦૧૬ છે. ત્યાર બાદ આવનારી કૃતિઓ વ્હોટસઅપ ઈમેજ સ્વીકારાશે નહિ.



સંકલન
યુસુફ સૌરઠીયા
મો. 98254 47138

## ઉપલેટામાં બીજી વખત દશ દિવસીય તરાહવીનું આયોજન

ઉપલેટા શહેરમાં ગયા વખતની જેમ આ વર્ષે પણ દશ દિવસીય તરાહવીનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ૧૦ દિવસમાં કુરઆન શરીફ મુકમ્મલ થશે.

જનાબ હાજીજૂનેદભાઈ નાથાણી અને હાજીજાવિદભાઈ નાથાણી અને તેના ગ્રુપ દ્વારા રમઝાન માસના પહેલા અરસામાં યાને રમઝાનની પહેલી રાત થી દશ મી રાત સુધીમાં દરરોજ ત્રણ સીપારા પઢી દશ દિવસમાં કુરઆન મુકમ્મલ કરી લેવાનું આયોજન કરવામાં આવેલ છે.

આ દશ દિવસીય તરાહવીનો પ્રોગ્રામ ઉપલેટાના હૃદય સમા વિસ્તાર ગાભા બજાર, રાજ પાનની ઉપર આવેલ હોલમાં કરવાનું આયોજન કરવામાં આવેલ છે. આ દશ દિવસીય તરાહવીના કાર્યક્રમમાં નામાંકિત હાફીઝો તરાહવી પઢાવશે. દરરોજ રાત્રે દશ દિવસ સુધી ઈશાની નમાઝ પણ ત્યાં થશે અને તરાહવીની નમાઝ બાદ ન્યાઝ તકસીમ કરવામાં પણ આવશે. તો સર્વે મુસ્લિમ બિરાદરોને તશરીફ લાવવા દિલી દાવત પાઠવવાનું જનાબ નાશીભાઈ ગુદાની યાદીમાં જણાવવામાં આવેલ છે.

-અહેવાલ : નાશીરભાઈ ગુદા, ઉપલેટા.

## ઉપલેટામાં હઝરત ખ્વાજા સાહેબના ૮૦૪ માં ઉર્ષની ભવ્ય ઉજવણી



તા. ૧૪ એપ્રિલ રવિવારના રોજ ઉપલેટામાં હિન્દુસ્તાનના શહેનશાહ, અતાએ રસુલ, હિન્દલ વલી, હઝરત ખ્વાજા ગરીબે નવાઝના ઉર્ષ નીમીતે રવિવારે સવારે છઠ્ઠી શરીફનો દિવસ હોય અને તેના ભાગરૂપે હઝરત ન્યામતમાંની દરગાહ પાસેથી વિશાળ જુલુસ સુન્ની મુસ્લિમ જમાતની આગેવાની હેઠળ નીકળેલ હતુ જે શહેરના પંચહાટડી ચોક, સોની બજાર, જીકરીયા ચોક, ગાંધી ચોક, ભાદર રોડ થઈ ઈદગાહે પૂર્ણ થયેલ હતુ. જેમાં વિશાળ સંખ્યામાં વાહનો જોડાયેલ હતા. ઠેર-ઠેર છોકરાઓને અલગ અલગ પ્રકારની નાની મોટી લાણીઓ આપવામાં આવેલ હતી. આ જુલુસમાં ખાસ અજમેર શરીફથી આવેલ ચાદર શરીફના દિદાર કરાવવામાં આવેલ હતા. આ જુલસને સફળ બનાવવા સુન્ની મુસ્લિમ જમાતના પ્રમુખ સીદીકભાઈ બાવાણી, શીરાજશા (લાલા) પીરે તરીકત સૈયદ દાદાબાપુ કોડીનારવાળા, બોદુ ઈસ્માઈલભાઈ શેખ, ઈકબાલબાપુ કેરોસીનવાળા, પીર સૈયદ અબામુજમ્મીલ બાપુ, વસીમ હનીફભાઈ કલીવારા, રજાકભાઈ હિંગોરા, રજાકભાઈ સિપાહી, સહિતના કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવેલ હતી.

-અફઝલ સોરઠીયા, ઉપલેટા

## દારૂલ ઉલુમ એહલે સુન્નત વ દિનીયાત કલાસીસના બાળકોનું ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો



તા. ૨૨--૧૬ ના રવિવાર સવાર ૧૧ વાગ્યે મદ્રેસાના હોલમાં દિનીયાત કલાસીસ ના બાળકોનું રીઝલ્ટ તથા ઈનામ વિતરણનું પ્રોગ્રામ રાખેલ હતા. તેમાં ટ્રસ્ટના સભ્યો તથા ઉપલેટા મેમન જમાતના પ્રમુખ ભોલાભાઈ ધોરાજીવાલા, સેક્રેટરી હા.રફીકભાઈ મુસાણી, હનીફભાઈ કોડી, યુસુફભાઈ ખાખુ, જમીલભાઈ લંબા, વાહિદભાઈ કોડી, અકબર પૂંજા, નાશીર ગુદા, અકીલ ધોરાજીવાલા, જબ્બાર ખાખુ વગેરે હાજર રહેલ હતા.

પ્રોગ્રામની શરૂઆત કુર્આને પાકની તિલાવતથી કરવામાં આવેલ ત્યારબાદ નાત શરીફ અને અમીનભાઈ વડવાલાએ સંસ્થાની રૂપરેખા આપેલ ખાસ કરીને એક પ્રોગ્રામ રાખેલ હતો. જેટલુ અત્યાર સુધી દિનીયાત કલાસીસના બાળકોને શીખવવામાં આવેલ, વઝુ, નમાઝ, કલમા, સૂન્નત વિશે જાહેરમાં ચીઠ્ઠી દ્વારા પરિક્ષા લેવામાં આવેલ એક ચીઠ્ઠીમાં બાળકનું નામ નીકળતા બીજી ચીઠ્ઠીમાં તેમાં વઝુ, નમાઝ, કલમા, સૂન્નત વિશે જે કાંઈપણ નીકળે તે બાળકને બોલવાનું કહેવામાં આવેલ જે



વાલીઓના તથા મહેમાનને ખાસ ધ્યાન ખેંચવામાં સરળ રહ્યુ અને દિનીયાત કલાસીસની કામગીરી જોઈ મહેમાનો તથા વાલીઓ ખુશી જાહેર કરી અંતમાં સર્વેએ આઈસ્ક્રીમ ખાઈ છુટા પડેલ હતા.

-રિપોર્ટ : હમીદ વિંધાણી, ઉપલેટા

## ખાસ રમઝાન માસ નિમિતે આ વર્ષે પણ જનતા તાવડો તા. ૧ લી જુનથી શરૂ કરવામાં આવશે.

ઉપલેટામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ખાસ રમઝાન માસ નિમિતે અને હાલમાં જે કાળઝાળ મોંઘવારીને અનુલક્ષીને જનતા તાવડાનું આયોજન કરવામાં આવેલ છે. આ જનતા તાવડામાં રૂહ અફઝા સરબત, બીજી અનેક ફલાવરોના સરબતો, ચાઈના ગ્રાસ, કસ્ટર્ડ પાવડર, દરેક જાતના ફળ ફ્રુટો સાથો સાથ જલેબી, સેવ તદ્દન રાહત ભાવે આપવામાં આવશે.
ખાસ ઉલેખનિય છે કે આ જનતા તાવડાની એક માસની કામગીરીમાં જે કાંઈપણ નુકશાની કરવામાં આવે છે તે ગ્રુપના જ માણસો સારો પૈસો એમાં આપે છે એટલા માટે સહુ કોઈ અમીર-ગરીબ આનો લાભ ઉપારી શકે છે.

-રિપોર્ટ :નાશીર ગુદા, ઉપલેટા.




सीदीकभाइ बबला
Offi. : (0233) 2321269
Mob. : 9226363669
आसीफ ईंटरप्राईजस
आमच्याकडे मिनरल वॉटरसाठी लागणारे
२० लिटरचे जार, डिस्पोजल व बुच (कॅप)
होलसेल व रिटेल दरात मिळतील.



शानूर प्लास्टीक्स
रिकामे प्लास्टीकचे बेरल व सर्व प्लास्टीकचे
साहित्य तसेच लहान मोठे कॅनचे
होलसेल व रिटेल व्यापारी
कच्छी बेरल सप्लायर्स
रिकामे ड्रम, बॅरल, डबे व स्क्रॅप मटेरियलचे व्यापारी
७६६, गिरीष चेंबर्स, गणपती पेठ, सांगली-४१६ ४१६.

Chirag - 9825248343
Keyur - 9427255343



Hallmark



Manufacturers of Gold, Diamond, Silver Jewellery
Having an established customer base based on
Faith in quality of gold and with the latest designs
Having flawless workmanship
SONI DILIPKUMAR NATHALAL
Soni Bazar, Darbargadh Road, UPLETA. Ph. 02826-220343.

## ગઝલ ડાયરીમાંથી...



શાયર : આહમદ મકરાણી
ઉપલેટા.
મો. 9879247509.

### ઝૂકે

ફૂલકેરા ભારથી ના ડાળ ઝૂકે,
બાળકેરા ભારથી ના માત ઝૂકે.
અન્યના કલ્યાણકાજે જે ઝીલાયો,
પર્વતોના ભારથી શું ફૂહાન ઝૂકે.
એજ ઉન્નત મસ્તકે ઊભું થવાનું,
કોઈ ઝંઝાવાતથી ના ઘાસ ઝૂકે.
પર્ણની આ મર્મરોનાં ગીત સુણો,
ચાલતો કુદરત તણે ના રાસ ઝૂકે.
વૃક્ષપણ આનંદથી ઝૂકી જુએ છે,

### બીક લાગે છે

ઘણો પ્રેમાળ ભોળો હો, સજનની બીક લાગે છે,
નયન ના મેળવી શકતો નયનની બીક લાગે છે.
ઉમેરો ના શબદમાં પણ અરથનું વ્યર્થકો ભારણ,
સરળ સ્હેલા કહે શબ્દો, વજનની બીક લાગે છે.
વસે છે કૈંક ભાડૂતો અજાયબ શ્વાસ મ્હેલોમાં,
પડે કરવું જ સૌ ખાલી સદનની બીક લાગે છે.
વહે અસ્તિત્વનો સાગર ભીતર ભરપૂર વ્હેવાનું,
મળેના કો'કિનારો તો વહનની બીક લાગે છે.
મળે છે મ્હેલ યા જંગલ શબદની બોલબાલા છે,
કરે પળમાં ન જાણે શું? સુખનની બીક લાગે છે.

### બીજ છે

કૈંક એવી રીતની પાકી પતીજ છે,
આ ગગનમાં જેમકે ઝળહળતી વીજ છે.
એટલે તો આપણી ઓળખ નથી રહી,
બાહ્ય છે ખુશાલી પણ ભીતરી ખીજ છે.
શબ્દની દીવાસળી સળગાવશો નહીં,
મૌન તો બારૂદથી સંભૃત ચીજ છે.
પૂર્ણિમાનો ચાંદ થૈ ચમકાવશે ગગન,
લોક સૌ છોને કહે : અમથી જ બીજ છે,
રોટી રૂપે એજ તો ક્ષુધા મિટાવશે.




### ઉપલેટા મેમન સમાચારના પ્રેરણા સ્ત્રોત મર્હુમ અ.ગફાર પોચીના ફરઝંદ

# યાકુબ અ.ગફાર પોચીનો સન્માન સમારોહ

પ્રથમ પાનાથી શરૂ....



ત્યારબાદ સૌ પ્રથમ સંસ્થાના ટ્રસ્ટી, ઉપપ્રમુખ અને ઉપલેટા મેમન સમાચારના ચીફ એડીટર તરીકેની ફરજ બજાવતા જનાબ યુસુફભાઈ સોરઠીયા એ શબ્દોરૂપી સ્વાગત પ્રવચન કરેલ હતું. ત્યારબાદ સંસ્થાના ટ્રસ્ટી, ઓન સેક્રેટરી અને ઉપલેટા મેમન સમાચારના ફાઉન્ડર માનદ તંત્રીએ પ્રાસંગિક પ્રવચન કરતા ઉપલેટા મેમન સમાચારની શરૂઆત કેવી રીતે થઈ તેની વિસ્તૃત માહીતી આપેલ હતી. સમગ્ર દુનિયામાં ઉપલેટાનું નામ રોશન કરવાના અને સમાજ ઉપયોગી થતા સકારાત્મક કાર્યોને ઉજાગર કરવાના નેક ઈરાદાથી શરૂ કરાયેલ ઉપલેટા મેમન સમાચારને ભારતમાં અને બહારના દેશોમાં ખ્યાતિ અપાવનાર તેના પ્રેરણા સ્ત્રોત મર્હુમ અ. ગફાર પોચીને યાદ કરી તેમની મગફેરતની દુઆ કરેલ હતી. ઉપલેટા મેમન સમાચારના પ્રથમ દાયકાની સફર પૂર્ણ થયેલ હોય દશાબ્દી મહોત્સવ નિમિતે પ્રથમવાર ''મેમન્સ ગોટ ટેલેટન્ટ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં નાંત શરીફ, સ્પીચ, મીમીક્રી, ડાન્સ, નાટક કવીઝ કોન્ટેસ્ટ, લાઈવ પ્રેઝન્ટેશન વગેરે જેવા અને કાર્યક્રમમાં ભાગ લેનારાઓના ટેલેન્ટ વિશે માહીતી આપેલ હતી અને મેમન્સ યુવક-યુવતિઓમાં રહેલ ટેલેન્ટ વિશે ભરપૂર પ્રશંસા કરેલ હતી. સાથોસાથ પ્રવર્તમાન સમય મુજબ ટેકનીકલ યુગમાં જરૂરી બદલાવ ઉપર ભાર મુકેલ હતો. જનાબ ગાજી સાહેબે ધો. ૧૦માં અભ્યાસ કરતા મોઈન પટેલ આ કાર્યક્રમમાં વેબસાઈટ મેકીંગ પ્રોજેકટ લાઈવ સ્પીચ આપવાના હોવાનું જણાવી મેમન ટેલેન્ટને બીરદાવેલ હતા. ત્યારબાદ સંસ્થાના ટ્રસ્ટી જનાબ મજીદભાઈ હડફાએ પોતાના ટુંકા પ્રવચનમાં શેરો શાયરી સાથે મર્હુમ અ. ગફાર પોચીની મગફેરતની દુઆ કરેલ હતી. અને પોચી ફેમીલીનો સંદેશો વાંચી સંભળાવેલ હતો. ત્યારબાદ ટેલેન્ટેડ નવયુવાન જનાબ યાસીન ડેડાએ હિંદીમાં એજ્યુકેશન ઉપર પોતાનુ વકતવ્ય આપેલ હતું. સાથોસાથ જનાબ યાસિન ડેડાએ જણાવેલ કે આજના સમારોહમાં મેમન્સ ગોટ ટેલેન્ટ કાર્યક્રમ યોજી આજના યુવક-યુવતિઓને સ્ટેજ પુરૂ પાડવાની કામગીરી સરાહનીય છે. અને દર વર્ષે આવા કાર્યક્રમો યોજવા અનુરોધ કરેલ હતો.

ત્યારબાદ મહેમાનોનું ગ્રાઉન્ડ ફલોર આપી મેમન ગોટ ટેલેન્ટ કાર્યક્રમ શરૂ કરવામાં આવે હતો. જેમાં નાત શરીફમાં આફરીન મુનાફ ડગલી, મોઈનુદ્દીન મુશ્તાક ભોરગામડાવાલા, અકરમ અનીસ ગણોદવાલા, અફઝલ અમાન જાળીયાવાલા, તન્જીલા મતીન હડફાએ ભાગ લીધેલ હતા. જયારે સ્પીચમાં સહુ પ્રથમ નુશરત હાજીરશીદ હડફા, તબસ્સુમ અબાભાઈ ખુનપરીયા (દુદાણી), અલ્ફીયા વાહિદ કોડી, અયાન જાવીદ દલાલ અને સીફા અસ્ફાક થારાએ પોતાનું પર્ફોમન્સ રજૂ કરેલ હતુ. સંસ્થાના પૂર્વ સદસ્ય સાજીદ રજાક ભાઠારાએ મેમણી ભાષામાં અવનવા સંવાદો સાથે મિમિક્રી કરી શ્રોતાગણને હસવા મજબૂર કરેલ હતા. અરમાન અસલમ કચ્છીએ સીંગલ ડાન્સ રજૂ કરેલ હતો. જયારે નાના ભુલકા ફુરકાન શીરાજ ધરાર અને મોઈનુદ્દીન ઈમરાન ધોરાજીવાલાએ ફિલ્મ ભુતનાથાનું દાદાગીરી નહીં ચલેગીનું ડાન્સ રજૂ કરી બધાને મંત્રમુગ્ધ કરી દિધેલ હતા. મુસ્લિમ હાઈસ્કૂલના શિક્ષક જનાબ રફીક મેમન સાહેબના પુત્ર ફૈસલએ રફીક મેમન સાહેબની લખેલી ગઝલનું વાંચન કરેલ હતું. તેમજ ઈસ્લામીક હદિષો, હાય, હેલોના નુકશાનો અને બિસ્મિલ્લાહીર્રહમાનીર્રહીમની ફઝીલત વિગેરે સ્પીચ અને નાટકીય અભિનય દ્વારા રેહાના નાસીર લંઘા અને તના સહ કલાકારોએ પ્રસ્તુત કરેલ હતા.

ખૂબ જ મોટી સંખ્યામાં હાજર રહેલા શ્રોતાગણ માટે પણ કવીઝ કોન્ટેસ્ટ ફોર ઓડીયન્સનું આયોજન કરવામાં આવેલ હતું જેના હોસ્ટની જવાબદારી સંસ્થાના નવયુવાન સદસ્ય જનાબ અજીમ કાસમાણીએ સંભાળેલ હતી. તેઓ તરફથી ઓડીયન્સનું ટેલેન્ટ ચકાસવા માટે જુદા જુદા પાંચ પ્રશ્નો પુછવામાં આવેલ હતા. જેના સાચા પ્રત્યુતરો આપનારાઓમાં પ્રથમ જેમાં ઉપલેટા નાગનાથ ચોકમાં મુકાયેલ પ્રતિમા કોની છે ? તેનો સાચો પ્રત્યુતર આપનાર બીલાલભાઈ માવડીયાને તથા એસ.બી.આઈ.ના ક્રેડીટ કાર્ડની સંખ્યાના સાચા પ્રત્યુતર બદલ અલારખા હનીફભાઈ ચણાને તથા હાલમાં ઉજવાયેલ ખ્વાજા ગરીબ નવાજના ઉર્ષ મુબારકના કેટલામો ઉર્ષ હતો તેનો સાચો પ્રત્યુતર આપવા બદલ મહ્યોદ્દિન ભોલાભાઈ હડમતીયાવાલાને તથા લાઈવ સોંગ દ્વારા ગાયકનું સાચુ નામ બતાવવા બદલ નુશરત હાજીરશીદ હડફા ને તથા ઉપલેટા મેમન સમાચારના ઈદ અંક કેટલા પ્રકાશિત થયા તેનો સાચો જવાબ આપનાર જનાબ રીયાજ તાલુને મહેમાનોના હસ્તે ગીફટ અર્પણ કરવામાં આવેલ હતા.

અંતમાં પ્રોજેકટર દ્વારા સ્ટેજ ઉપર મુકાયેલ વિશાળ પડદા ઉપર રાજકોટ ખાતે ધો. ૧૦માં અભ્યાસ કરતા મોઈન ઈબ્રાહીમ પટેલે ખૂબ જ અસરકારક રીતે ઈંગ્લીશ અને હિન્દીમાં સ્પીચ આપી લાઈવ વેબસાઈટ મેકીંગનું સાયન્સ વિઝન દર્શાવી આશ્ચર્યચકિત કરી દીધેલ હતા. મોડી રાત્રીનો સમય થઈ જતાં પ્રેઝન્ટેશન ટુંકાવવા ફરજ પડેલ.

મેમન્સ ગોટ ટેલેન્ટ કાર્યક્રમ પૂર્ણ થતા ફરીથી મહેમાનોને સ્ટેજ પર કોલ કરેલાઓ આ તકે મુંબઈથી પધારેલ ઉપલેટા મેમન જમાતના પ્રમુખ જનાબ લતીફભાઈ હાકમ પણ કાર્યક્રમમાં હાજર રહેલ હોય તેઓને સ્ટેજ ઉપર સ્થાન ગ્રહણ કરવા નિમંત્રીત કરવામાં આવેલ હતા.


મોડી રાત્રીનો સમય થઈ જતા અને મહોતરમા ડૉ. શહેનાઝબેન બાબીને બીજા દિવસે વડોદરા મુકામેની મીટીંગમાં



જનાબ યાકુબ અ.ગફાર પોચીનું શાલ ઓઢાડી બહુમાન કરતા જનાબ મતીનભાઈ હડફા નજરે પડે છે.

અનુસંધાન પાના નં. ૪ ઉપર...

# મહેમાનોનું પ્રસંગોપાત ઉદબોધ્ન



Yusuf Sorthiya Gulamkader Gaji Haji Majid Hadfa Yasin Deda Dr. Sahenaj Babi

પાના નં. ૩ થી શરૂ....



ઈસ્લામીક સ્પીચ સાથે નાટકિય અભિનય : રેહાના નાશીર લંઘા અને સહ કલાકારો

પણ પહોંચવાનું હોય તેઓએ પ્રથમ જ પોતાનું વકતવ્ય આપેલ હતું. એ પહેલા સંસ્થાના ટ્રસ્ટી-જોઈન્ટ સેક્રેટરી જનાબ જુબેરભાઈ ધરાર, ડૉ. શહેનાઝ બેન બાબીને સાલ અર્પણ કરી સન્માન કરેલ હતું. મહોરતમા ડૉ. શહેનાઝબેન બાબીએ જુના સંસ્મરણોને તાજા કરી ઉપલેટા મેમન સમાજ સાથે, હાજીયાણી દાદીમા મહિલા ગૃહ ઉદ્યોગના ફંકશનો વિશે અને આજના કાર્યક્રમમાં વિદ્યાર્થીનીઓ દ્વારા રજૂ થયેલ સ્પીચો, નાટકો વગેરે પર્ફોમન્સની ખૂબ જ પ્રશંસા કરેલ હતી. પોતે ૫૫ વર્ષની ઉંમરે પી.એચ.ડી. થયેલાનું જાહેર કરી ઔરતો માટે શિક્ષણનું મહત્ત્વ સમજાવેલ હતું. ભારતની આઝાદીમાં મેમન સદ્‌ગૃહસ્થોનાં મહત્ત્વનો ફાળો હોવાનું જણાવેલ હતું. વર્તમાન સમયમાં ચાલતી ચર્ચા અનુસંધાને મહોતરમા ડૉ. શહેનાઝબેન બાબીએ વિસ્તારપૂર્વક જણાવતાં કહેલ કે મુસલમાન પાંચ ટાઈમની નમાજ પઢી દિવસમાં ૯૬ વખત આ જમીન ઉપર માથુ ટેકવે છે અને અહીંની માટીમાં જન્મ લઈ અહીંની જમીનમાં જ કયામત સુધી દફન થાય છે. એટલે ભારત માતા કી જય બોલવાની ચર્ચાને બદલે વિકાસની વાતો થાય એ જરૂરી હોવાનું ભારપૂર્વક જણાવેલ હતું. અંતમાં ઈસ્લામમાં ઈકરા એટલે પઢો એવો સંદેશો પાઠવી દિની અને દુન્યવી તાલીમ લેવા ઉપર ભાર મૂકેલ હતો.

## ૫૫ વર્ષની વયે મેં પી.એચ.ડી. કરેલ છે : ડૉ. શહેનાઝ બાબી

નાત શરીફ : પર્ફોમન્સ



મોઈનુદ્દિન ભોરગામડાવાલા અફઝલ જાળીયાવાલા અને અકરમ ગણોદવાલા તન્જીલા હડફા

ત્યારબાદ ફરીથી સ્ટેજ ઉપર મહેમાનો પોતાનું સ્થાન ગ્રહણ કરતા સૌ પ્રથમ સમસ્ત મેમન જમાતનાં પ્રમુખ જનાબ ભોલાભાઈને જનાબ જુબેરભાઇ શાલ ઓઢાળી બહુમાન કરેલ તેમજ લતીફભાઇ હાકમને જનાબ ઈમરાન કાજલીયાવાલાએ શાલ અર્પણ કરેલ હતી. તેમજ ડૉ. ગુણવંત નાયકને જનાબ નાસીરભાઇ ગુદાએ શાલ ઓઢાડેલ અને અંતમાં જનાબ યાકુબભાઇ પોચીને જનાબ મતીનભાઇ હડફાએ શાલ અર્પણ કરી બહુમાન કરેલ હતું. આ તકે સૌ પ્રથમ સમસ્ત મેમણ જમાતનાં પ્રમુખ ભોલાભાઇ ધોરાજીવાલાએ પોતાના લાગણી



# અને મેમન્સ ગોટ ટેલેન્ટની ઝલક



DR. GUNVANT NAYAK BHOLABHAI DHORAJIWALA IMRAN KAJALIYAWALA A.LATIF HAKAM A.YAKUB A. GAFAR POCHI



ડાન્સ પર્ફોમન્સ રજુ કરતા કુરફાન ઘરાર અને મોઈનુદ્દીન ઘોરાજીવાલા

સ્પીચ રજુ કરી રહેલ નુશરત હડફા



ક્વીઝ ફોર ઓડિયન્સ હોસ્ટ : અઝીમ કાસમાણી

મીમીક્રી હાસ્ય સંવાદ સાજીદ હડફા

સ્પીચ તબસ્સુમ દુદાણી

## મર્હુમ અ.ગફાર પોચીને સાહિત્યનો ખૂબ જ શોખ હતો : યાકુબ અ.ગફાર પોચી

સભર પ્રવચનમાં આજનો કાર્યક્રમ નિહાળી દિલ ખુશ થયાનું જણાવી બધાને અભિનંદન પાઠવેલ હતા. આપણી કોમનાં બાળકોની તરક્કી માટે બનતા તમામ પ્રયત્નો કરવા ઉપર ભાર મૂકેલ હતો

. અને આવા ટેલેન્ટ કાર્યક્રમ દરવર્ષે થતા રહે તેવુ જણાવેલ હતું. ત્યારબાદ મુંબઈથી પધારેલ લતીફભાઈ હાકમે પોતાના પ્રવચનમાં આજનો કાર્યક્રમ જોઈ ખુશી અનુભવ્યાનું જણાવેલ હતુ. મેમન યુવક યુવતિઓમાં ખૂબ ખૂબ ટેલેન્ટ ભરેલું છે. એ જોઈને ગર્વ મહેસુસ કરેલ હતુ.

ત્યારબાદ મુખ્ય અતિથિ શ્રી ડૉ. ગુણવંત નાયકે પોતાનું પ્રવચન આપતા જણાવેલ કે મોડી રાત્રીનો સમય થઈ જવા છતાં વિશાળ સંખ્યામાં ભાઈઓ-બહેનોની હાજરી અભિનંદનને પાત્ર છે. આજના ટેલેન્ટ કાર્યક્રમ વિશે તેઓએ જણાવેલ કે બેનર ઉપર દર્શાવેલ સુત્ર ''મેમન્સ ગોટ ટેલેન્ટ'' ખૂબ જ સુચક છે. જે બદલ સંસ્થાને અભિનંદન પાઠવેલ હતા. આજના સમયને અનુરૂપ મેમન-મુસ્લિમ યુવક-યુવતિઓમાં અભ્યાસનું પ્રમાણ વધે તે માટે વાલીઓને પ્રયત્નો કરવા અપીલ કરેલ હતી.

ત્યારબાદ જનાબ યાકુબ અ. ગફાર પોચીને સન્માનીત કરવા સૌ પ્રથમ તેમના માટે લખાયેલ સન્માનપત્રનું વાંચન સંસ્થાના નવયુવાન સદસ્ય મોહંમદ હુસૈન કાટલીયાએ કરેલ. ત્યારબાદ જનાબ યાકુબભાઈ ગણોદવાલા તથા જનાબ ગુલામ કાદર ગાજીએ તેમને સન્માનપત્ર અપર્ણ કરેલ અને સંસ્થાના સદસ્ય મતીનભાઈ હડફાએ શાલ ઓઢાડી બહુમાન કરેલ. આ પ્રસંગે તમામ શ્રોતાગણ તથા હાજર મહેમાનો ઉભા થઈને તેઓને તાળીઓના ગડગડાટથી વધાવી લીધેલ હતા.

અંતમાં જનાબ યાકુબ અ. ગફાર પોચીએ પોતાનું પ્રમુખ સ્થાનેથી પ્રવચન આપતા પોતાનું સન્માન કરવા બદલ સંસ્થાનો આભાર વ્યકત કરેલ હતો. અને ઉપલેટા મેમન સમાચાર વિશે જણાવતા કહેલ કે અમારા વાલીદ સાહેબ મર્હુમ અ.ગફાર પોચીને સાહિત્યનો ખૂબ જ શોખ હતો. ઉપલેટામાં પેપર શરૂ કરવા બદલ તેઓ ખૂબ જ ખુશ હતા. ઉપલેટા મેમન સમાચાર દુનિયામાં પોતાનું નામ રોશન કરે તે માટે કલાકો સુધી જીલાની સાહેબ સાથે ચર્ચા કરતા હતા. હવેના સમયમાં પેપરના પાના વધારવા માટે અનુરોધ કરેલ હતો. મેમન સમાચારની દશાબ્દી મહોત્સવની ઉજવણી માટે સંસ્થાને તથા તમામ સભ્યોને ઉજવણી માટે સંસ્થાને તથા તમામ સભ્યોને અભિનંદન પાઠવેલ હતા.

કાર્યક્રમના અંતમાં આ દશાબ્દી મહોત્સવ સમારોહના પ્રોજેક્ટ ચેરમેન જનાબ ઈમરાનભાઈ કાજલીયાવાલાએ હાજર રહેલ તમામ મહેમાનો અને આમંત્રીત વડીલો, બહેનો તથા યુવાનોનું પોતાનો કિંમતી સમય ફાળવી આ સમારોહમાં મોડી રાત્રી સુધી હાજર રહેવા બદલ આભાર વ્યકત કરેલ હતો.

આ દશાબ્દી મહોત્સવનું ખૂબજ સુંદર રીતે સંચાલન સંસ્થાના પૂર્વ સદસ્ય જનાબ નઈમભાઈ થારા અને સંસ્થાના ઓ.સેક્રેટરી જનાબ ગુલામકાદર ગાજી સાહેબની પુત્રી ઉરૂઝબાનુએ કરેલ હતુ. પ્રોગ્રામનું સમાપન અલ્પહાર સાથે પૂર્ણ થયેલ હતુ.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના ઉત્સાહીત સદસ્યો જનાબ મતીન હડફા, નાશીર ગુદા, ઈસ્માઈલ કાસમાણી, જાફર ખાંટ, એજાઝ જાળીયાવાલા, મોહંમદહુસેન કાટલીયા, સોહીલ કટલેરીવાલા, આદમ કચ્છી, અઝીમ કાસમાણી, મોહસીન બગસરાવાલા, જીલાની બગસરાવાલા વિગેરેએ સારી એવી જહેમત ઉઠાવેલ હતી. આ કાર્યક્રમની સુંદર ફોટોગ્રાફી સંસ્થાના કાયમી ફોટોગ્રાફર યુનુસ બ્લોચે કરેલ હતી જ્યારે સમગ્ર કાર્યક્રમનું લાઇવ ટેલીકાસ્ટ વિડીયોગ્રાફી સંસ્થાના ઉત્સાહીત સદસ્ય એવા જાફર ખાંટે કરેલ હતી.

અહેવાલ : માનદ્ તંત્રી...



વેબસાઇટ ડિઝાઇનીંગ પ્રોગ્રામીંગ સ્ક્રીન ઉપર રજુ કરતા : મોઇન પટેલ



# એ.જી. પોચી મહિલા ગૃહ ઉદ્યોગ દ્વારા મહિલા અધિવેશન યોજાયો

મેમન-મુસ્લિમ સમાજની મહિલાઓમાં જાગૃતિ, દિન, હુન્નર ઉદ્યોગ આવે તે માટે એ.જી. પોચી મહિલા ગૃહ ઉદ્યોગ દ્વારા તા. ૧૮-૪-૧૬ સોમવારના રોજ અસરની નમાઝ બાદ દાદીમાં હોલ-ઉપલેટા ખાતે એક અઝીમુશ્શાન મહિલા સંમેલન રાખવામાં આવેલ હતુ. બરોબર સમયસર સાંજે પ્રોગ્રામ ચાલુ થઈ ગયેલ. શરૂઆતમાં તિલાવતે કુર્આન શરીફ સોફિયાબાનુ મતીન હડફાએ કરેલ હતી.

ત્યાર પછી એ.જી.પોચી મહિલા ગૃહ ઉદ્યોગના ચેરમેન મજીદભાઈ હડફાએ પોતાનું વકતવ્ય આપેલ અને કહેલ કે ઉપલેટામાં ત્રીસ વર્ષ સુધી અ.ગફારભાઈ પોચીએ મહિલા ગૃહ ઉદ્યોગ ચલાવતા હતા અને જમાતે સંભાળેલ અને એક વર્ષ બાદ બંધ કરવામાં આવેલ. ત્યાર પછી આજથી અઢી વર્ષ પહેલા યાકુબભાઈ પોચીએ ઉપલેટામાં પોચી પ્લાઝા કોલોની અર્પણ વિધીમાં આવેલ હતા ત્યારથી જ આ શિક્ષણ કલાસ શરૂ થઈ ગયેલ. આ શિક્ષણ કલાસમાં ભરત, ગુથણ, સિલાઈ, ફેન્સી વર્ક શીખવવામાં આવે છે. આ શિક્ષણ કલાસની વિશિષ્ટા એ છે આ શિક્ષણ કલાસમાં મુસ્લિમ સમાજના દરેક વર્ગની મહિલાઓ શીખવા આવી શકે છે. આ શિક્ષણ કલાસમાં જેઓ કમ્પલીટ શિક્ષણ, ભરત, ગુથણ, ફેન્સીવર્ક વગેરે શીખી જાય છે તેઓને સિલાઈ મશીન ફ્રી આપવામાં આવે છે. ઉપરાંત નમાઝના સમયે નમાઝ (સાંજે) પઢવામાં આવે છે. કયારેક મહિનામાં એકવાર કોઈ આલીમા આવે છે. કયારેક કોઈ ટેલરની દુકાનો ચલાવતી બ્હેનો આવે છે ઉપરાંત આ સિલાઈ ઘરમાં પોતાના સમયના ટાઈમ દરમ્યાન બહારના સીર્ફ બહેનોના કપડા સીવવાની છુટ છે. એ.જી. પોચી મહિલા ગૃહ ઉદ્યોગનો દરેક ખર્ચ ઈજજતે કૌમ જનાબ યાકુબભાઈ પોચી ઉપાડે છે. આ મહિલા ગૃહ ઉદ્યોગ ગુલ્શને ઈમરાન, ફુલારા બગીચામાં ચાલે છે.




ત્યાર પછી એ.જી.પોચી મહિલા ગૃહ ઉદ્યોગમાં ખાસ મુંબઈથી પધારેલા ઉપલેટા મેમણ જમાત-મુંબઈના સદરે આલા અ.લતીફ હાકમ સાહેબે પ્રસંગોઉચીત તકરીર કરેલ અને તેઓએ પહેલી વખત મહિલાઓની ભરચક હાજરીને બિરદાવી અને જેમાં બહેનો તેઓને શાંતિથી સાંભળી રહેલ તે બદલ તેણીઓને શાબાશી આવતા કહેલ કે મુંબઈ કરતા પણ ઉપલેટાની મહિલાઓમાં શાંતિ જોવા મળી અને બરાબર અસરની નમાઝ પછી સમયસર હાજર રહેલ તે બદલ ધન્યવાદ આપ્યા અને સાથે કહેલું કે અમારા પુરૂષોમાં સમયસર હજુપણ કોઈ આવતા નથી. આવેલી બધી બહેનાને ધન્યવાદ આ શિક્ષણ કલાસના સ્પોન્સર અને દાતા યાકુબભાઈ પોચીને ખૂબજ અભિનંદન આ શિક્ષણ કલાસના ચેરમેન મજીદભાઈ હડફાને પણ ખૂબજ અભિનંદન આપેલ અને ઉપલેટા જમાત -મુંબઈના વાઈસ પ્રસીડેન્ટ રજાકભાઈ ખાંડા, અનીસભાઈ ચાચીયા, અલ્તાફભાઈ જુમાણી તથા આરીફભાઈ બબલા, હા.અમીન વડવાળા, અશરફભાઈ બાઠી, હાજીભાઈ શીવાણી એ એ.જી.પોચી મહિલા ગૃહ ઉદ્યોગને અભિનંદન આપેલ.



છેલ્લે એ.જી. પોચીના સંસ્થાપકે વકતવ્ય આપતા ખૂબજ ખુશી સાથે કહેલ કે ઉપલેટા જેવા નાના શહેરમાં કોઈપણ જાતના પ્રચાર વગર આટલી બધી મારી માં-બ્હેનાને જોઈને મને ખૂબજ ખુશી થાય છે હજુ આપણે આ શિક્ષણ કલાસને ખૂબજ વિકસાવવાની જરૂર છે. નવેસરથી બ્યુટી પાર્લર અને મહેંદીના વર્ગો ચાલુ કરવામાં આવશે. અને દુલ્હન અહિંથી જ સજી ધજીને સીધી શાદીની મહેફીલમાં જશે. અમારી ફેમીલીએ વર્ષોથી મહિલાના ઉત્કર્ષ માટે ઘણાંજ સિલાઈ મશીનો આપ્યા છે, મકાનો આપ્યા છે. ઉપલેટાની દરેક સંસ્થામાં પોચી ફેમીલીનો ફાળો છે. આપ સૌ આ રીતે હુન્નર-ઉદ્યોગ શીખી રહી છો તે બદલ મને ખુશી થઈ અને આ એ.જી. પોચી મહિલા ગૃહ ઉદ્યોગ તમારી જ છે. ગમે ત્યારે દરેકને સહકાર આપવા હું તૈયાર છું. અને પોતાના તરફથી આ પ્રોગ્રામમાં હાજર રહેલી બહેનો માટે ઈનામી ડ્રો નોનસ્ટીક કડાઈ ૩પીસનો સેટનો ડ્રો કરવામાં આવેલ અને ઈનામો તેઓએ તથા ઉપલેટા મેમન જમાત-મુંબઈથી આવેલા મહેમાનો હસ્તક આપવામાં આવેલ. અને આ જલ્સામાં શિક્ષણ કલાસની બહેનોને પણ ૧૦ સીલાઈ મશીનો આપવામાં આવેલ હતા અને શિક્ષણ કલાસની પ્રિન્સીપાલ સાહેબાને યાકુબભાઈ પોચી તરફથી શાલ અને કવર આપવામાં આવેલ. છેલ્લે બધાને અમુલ આઈસ્ક્રીમના કોર્ન ખવડાવીને સભા પૂરી કરવામાં આવેલ હતી. ઉપરાંત આ સભાના સભાપતિ યાકુબભાઈ પોચીએ પોતેજ બધાને શાલ ઓઢાડીને સન્માન અને તેઓનું સન્માન શિક્ષણ કલાસની બાળાઓ વતી મજીદભાઈ હડફાએ ફુલ્હારથી કર્યુ હતું. અને છેલ્લે હાજીભાઈ બગસરાવાલાએ આભારવિધિ કરેલ હતી.

*દિલ ગુલિસ્તાં થા તો હર શય સે ટપકતીથી બહાર....*

-રિપોર્ટ : મતીનભાઈ હડફા, ઉપલેટા.







ઉપલેટા મેમન સમાચાર : દશાબદી મહોત્સવ -સન્માન સમારોહમાં સ્ટેજ ઉપર બિરાજેલ મહાનુભાવો ડાબેથી ઈમરાન કાજલીયાવાલા, યાકુબભાઈ ગણોદવાલા, મહોતરમા ડૉ. શહેનાઝ બાબી જનાબ યાકુબ અ.ગફાર પોચી, ડૉ. ગુણવંત નાયક, હાજીમજીદભાઈ હડફા, હાજીરફીકભાઈ મુસાણી સાથે જનાબ ગુલામકાદર ગાજી પ્રવચન આપતા દ્રષ્ટિગોચર થાય છે.




ઉપલેટા મેમન સમાચાર
દશાબ્દી મહોત્સવ, પ્રોજેક્ટ ચેરમેન :
- ઈમરાન કાજલીયાવાલાની કલમે....

મેમન સમાચાર પોતાની દશાબ્દી ઉજવી ચુકવ્યુ અને અમે તેમાં શાક્ષી બન્યા તેનાથી વધારે હર્ષની લાગણી શું હોઈ શકે ? આ ફંકશન પુરૂ તો થયુ તા. ૧૬-૪-૧૬ના રોજ પણ આ ફંકશન થવાના આછા-પાતળા અણસાર મને તેના થયાના પંદર દિવસ પહેલા સુધી નહોતા. લગભગ પહેલી એપ્રિલની આસપાસ ઉપલેટા મેમન સમાચારના પ્રથમ દાયકાની સફર સફળતા પૂર્વક પૂર્ણ થયેલ હોય તેની ભવ્ય ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવેલ.

આ ફંકશન ની ટોટલ રૂપરેખા આ કુતુબખાના લાયબ્રેરીના હોલમાં કરવામાં આવી શરૂઆતમાં જયારે આ ફંકશન કરવાનું નક્કી થયુ ત્યારે અમારા બધા જ મેમ્બરોની આંગળી મારા ઉપર આવીને ઉભી રહી, અતિ ટુકા સમય ગાળામાં દશાબ્દી મહોત્સવની ઉજવણી અન્વયેના કાર્યક્રમો યોજવા ખૂબજ કપરી કામગીરી હતી અને મારા માટે ખાસ વિશેષ. કેમ કે મે આ પહેલા કયારેય કોઈપણ જાહેર કાર્યક્રમનું આયોજન કરેલ નહોતું પરંતુ જયારે ઉપલેટા મેમન સમાચારની આખી ટીમ ને મારામાં આટલો વિશ્વાસ હતો તે મારા માટે ગર્વની વાત હતી. મિટીંગમાં લેવાયેલ નિર્ણય મુજબ દશાબ્દી મહોત્સવની ઉજવણી રૂપે મેમન યુવક યુવતીઓના ટેલેન્ટને ઉજાગર કરવા અને તેને પ્રોત્સાહિત કરવા એક મેમન્સ ગોટ ટેલેન્ટ કાર્યક્રમ યોજવાનું નક્કી થયેલ સાથોસાથ ઉપલેટા મેમન સમાચારના પ્રેરણા સ્ત્રોત મર્હુમ અ.ગફાર પોચીના ફરઝંદ જનાબ યાકુબ અ.ગફાર પોચી અમેરિકાથી ઉપલેટાની મુલાકાતે આવી રહેલ હોય તેઓને સન્માનવાનો કાર્યક્રમ પણ સાથે યોજવાનું નક્કી કરવામાં આવેલ. મેમન્સ ગોટ ટેલેન્ટ કાર્યક્રમમાં ભાગલેવા માટે મેમન યુવક યુવતીઓને જાહેર આમંત્રણ પાઠવી તેઓ પાસેથી તેઓના ટેલેન્ટનો રિહર્સલ કરાવી આખરી ઓપ આપવામાં આવેલ. જે કાર્યમાં અમારા કેપ્ટન ગાજી સાહેબ તેમજ મારા સાથી સદસ્યો યુસુફ સોરઠીયા, મતીન હડફા, જુબેર ધરાર, ઈસ્માઈલ કાસમાણી, નાસીર ગુદા સહિતનાઓએ મદદ કરેલ તેમજ મારા સાથી મિત્રો નઈમ થારા અને યાસીન ડેડાની પણ મદદ લીધી. બધાજ મેમ્બરોની અથાગ મહેનતનું ફળ સ્વરૂપ આ ફંકશન સંપૂર્ણ સફળતા પૂર્વક પાર પાડી શકેલ તે બદલ હું તમામનું ઋણી છું. સાથોસાથ ઓડિયન્સ-પ્રેક્ષક કે શ્રોતા જે દરેક ફંકશન હિટ કે ફલોપ બનાવતા હોય છે તે પણ ધન્યવાદને આભારી છે જે રાતના છેલ્લે અઢી વાગ્યા સુધી બેસી રહ્યા.

મને પ્રથમ વખત જ પ્રોજેકટ ચેરમેન બનાવી તો દિધેલ પણ સંપૂર્ણ નિખાલસતા થી કબુલવુ રહ્યુ જે ટીમને આભારી છે.



## તશરીફે જહાં

**ઉપલેટા :** અબરાર હા.અકીલ ફુલારાને ત્યાં તા. ૨૪-૪-૧૬ રવિવારના રોજ પુત્રનો જન્મ થયેલ છે. નામ અલીના રાખેલ છે.

## રેશમી બંધન

**ભોમગીર :** અમીન હા.ઈસ્માઈલ માલાની નેક દુખ્તર રૂખસારબાનુ નુ સગપણ હા.રસીદ ગફાર ઢાંકવાલાના નેક ફરઝંદ મો. સજ્જાદ સાથે તા. ૨૨-૩-૧૬ના રોજ થયેલ છે. ડોનેશન રૂા. ૨૫૦/- મળેલ છે. (જઝાકલ્લાહ)

## શાદીખાના આબાદી

**ઉપલેટા :** ઈકબાલ કરીમ કચ્છીના નેક ફરઝંદ મોહંમદહુસૈન ની નિકાહ સીદીક રજાક પટેલની નેક દુખ્તર સાઈબાબાનુ સાથે તા. ૨૪-૪-૧૬ ના રોજ ઉપલેટા મુકામે થયેલ છે.

**ઉપલેટા :** અખ્તર યાકુબ ઢાંકવાલાના નેક ફરઝંદ અવેશ ની નિકાહ અખ્તર સત્તાર કાસમાણીની નેક દુખ્તર ઝબીન સાથે તા. ૨૪-૪-૧૬ ના રોજ ઉપલેટા મુકામે થયેલ.

**ઉપલેટા :** વલીમોહમંદ ઓસમાણ સુપેડીવાલા(ધોરાજી)ના નેક ફરઝંદ અલ્તાફ ની નિકાહ બિલાલ સત્તાર અબલાની નેક દુખ્તર શબાનાબાનુ સાથે તા. ૨૮-૪-૧૬ ના રોજ ઉપલેટા મુકામે થયેલ છે.

## મુકર્રર શાદી

**ઉપલેટા :** જનાબ અ.વાહિદ કાદર કોડીની નેક દુખ્તર વાફિયાબાનુ ની નિકાહ અલ્તાફ જીકર ઢાંકવાલા-મદ્રાસના નેક ફરઝંદ મો. અફઝલ સાથે તા. ૧૫-૫-૧૬ના રાજે ઉપલેટા મુકામે મુકર્રર કરેલ છે.

## અભિનંદન

**બલાગીર :** જનાબ ઈસ્માઈલ અ.સતાર ભોરગામડાવાલાના નેક ફરઝંદ મો.અનસ એ કુર્આને હાફીઝ થયેલ તે બદલ ઉપલેટા મેમન સમાચાર દિલી મુબારકબાદી પાઠવે છે.

મુસ્લિમ કૌમના પ્રશ્નોને વાચા આપવાના તથા કૌમની એકતા સ્થાપવાના પ્રશંસનીય પ્રયાસો એ.જી.પોચી મહિલા ગૃહ ઉદ્યોગ, મેમનસમાચાર, ધિ મુસ્લિમ કુતુબખાના, સમસ્ત મેમન સમાજ વગેરેને સલામ....

-યાકુબભાઈ પોચી
(અમેરિકા)

## રૂખસદે જહાં

**શ્રીરામપુર :** હા.ગફાર અ.લતીફ લંઘાની પત્ની હાજીયાણી મરીયમબાઈ કરીમ ધરારનું તા. ૧૨-૪-૧૬ ના રોજ ઈન્તેકાલ થયેલ છે.

**ઉપલેટા :** ગફાર આહમદ જાળીયાવાલાનું તા. ૨૫-૩-૧૬ ના રોજ ઈન્તેકાલ થયેલ છે.

**ઉપલેટા :** મો.સીદીક શકુર સરદારગઢવાલાનું તા. ૨૮-૩-૧૬ ના રોજ ઈન્તેકાલ થયેલ છે.

**ઉપલેટા :** અ. રજાક તારમોહંમદ પટેલનું તા. ૨૯-૩-૧૬ ના રોજ ઈન્તેકાલ થયેલ છે.

**ઉપલેટા :** ઈદ્રીશ ઈસ્માઈલ પંજાબીની પત્ની અમીનાબાઈ શકુર થારાનું તા. ૧-૪-૧૬ ના રોજ ઈન્તેકાલ થયેલ છે.

**નાગપુર :** ઈકબાલ કાદર ઓલિયાનું તા. ૧૦-૪-૧૬ ના રોજ ઈન્તેકાલ થયેલ છે.

**બહારગામ :** હારૂન જકરીયા ગોવેડીનું તા. ૧૦-૪-૧૬ ના રોજ ઈન્તેકાલ થયેલ છે.

**નાગપુર :** હાજીયાણી અમીનાબાઈ સતાર બોરાનું તા. ૧૬-૪-૧૬ ના રોજ ઈન્તેકાલ થયેલ

**ઉપલેટા :** હાજી ઈબ્રાહીમ આદમજી વાઘડીયાની પત્ની જુબેદાબાઈ શકુર લાખાણીનું તા. ૨૪-૪-૧૬ ના રોજ ઈન્તેકાલ થયેલ છે.



## અભિનંદન...

**વિજ્યાનગર :** જનાબ હા.મન્સુર હા.યાકુબ ખશ્થાના ફરઝંદ મો.મોહસીનએ સી.એ. ની ડીગ્રી પ્રાપ્ત કરી અને પંજાબ નેશનલ બેંક-પુના માં સીનીયર મેનેજર તરીકેની પોસ્ટ મેળવી સમગ્ર મેમન સમાજનું ગૌરવ વધારેલ છે. તે બદલ ઉપલેટા મેમન સમાચાર ટીમ અભિનંદન પાઠવે છે. ઉત્તરોતર પ્રગતિના શિખરો સર કરે તેવી શુભેચ્છા પાઠવે છે. આ તકકે ડોનેશન રૂા. 250/- મેળવેલ છે. (જઝાકલ્લાહ)


ज्वाइंट पेन



एक चम्मच सिरका, आधा चम्मच कलौंजी का तेल और दो चम्मच शहद मिलाकर सुबह खाली पेट और रात को सोते समय पीने से ज्वाइंट पेन में आराम मिलता है।


**નાગપુર :** જનાબ હાજીમક્કી હાજીયુસુફ બાવાણી (ઉપલેટાવાળા)ના નવાસા અને મો.સલીમ બાલાઘાટવાળાના નેક ફરઝંદ મો. યુસુફ નું સગપણ નાચનગાંવવાળા મો. ફારૂખ વિરાણીની નેક દુખ્તર ફિયોનાબાનુ સાથે તા. ૩-૫-૨૦૧૬ ના રોજ થયેલ છે. તેની ખુશાલી સહ ડોનેશન રૂા. ૨૫૦/- મળેલ છે. (જઝાકલ્લાહ)



## દારૂલ ઉલુમ એહલે સુન્નત વ દિનીયાત કલાસીસની મુલાકાતે બહારથી પધારેલ મહાનુભાવો



ઉપલેટામાં ચાલતા દારૂલ ઉલુમ એહલે સુન્નત દિનીયાત કલાસીસની મુલાકાતે અમેરિકાથી હાજીયાકુબભાઈ પોચી તથા ઉપલેટા મેમન જમાત-મુંબઈના પ્રમુખ હાજીલતીફભાઈ હાકમ, અલ્તાફભાઈ જુમાણી, રજાકભાઈ ખાંડા, આરીફભાઈ બબલા, અનીસભાઈ ચાચીયા, હાજીઈસ્માઈલ ઘેટા, ઉપલેટા મેમન જમાતના પ્રમુખ ભોલાભાઈ ધોરાજીવાલા, હાજીભાઈ શીવાણી સહિતનાઓએ ખાસ પધારેલ હતા.

આ તક્કે ઉલેખનીય છે કે, પધારેલા મહેમાનોએ દિનીયાત કલાસીસના બાળકોની દિની તાલીમાતની પૂરી માહિતી લઈ કલાસીસના બાળકોની પરીક્ષા પણ લીધેલ અને લતીફભાઈ હાકમ, યાકુબભાઈ પોચી તથા આરીફભાઈ બબલાએ ખાસ ધ્યાન પૂર્વક દિની તાલીમની માહિતી લીધી અને વિચારોની આપે-લે કરેલ હતી અને સંસ્થાની કામગીરી તથા કામ્યાબીની અલ્લાહ પાસે દુઆ કરેલ હતી.

આવેલ મહેમાનોને રિયાઝભાઈ તાલુએ દારૂલ ઉલુમ અને દિનીયાત કલાસીસ વિશે વિસેસ ઊંડાણથી માહિતી આપેલ સાથો સાથ હાજીયાણી ઝુબેદાબાઈ હાકમ હોલમાં હાલ ચાલતા લેડીઝ મદ્રેસા વિશે પણ માહિતી આપેલ અને હજુ લેડીઝ માટે બીજી જગ્યાએ લેડીઝ મદ્રેસા-૨ પણ હાજીયાણી જીલેખાબાઈ પટેલ હોલમાં ઈન્શાઅલ્લાહ રમઝાન બાદ શરૂ કરવાનું આયોજન છે તેવું જણાવેલ હતા. આવેલ મહેમાનો બહુજ ખુશ થયા અને આવા નેક કાર્યોની સરાહના સાથે મુબારકબાદી પેશ કરેલ હતી.

-રિપોર્ટ : હમીદભાઈ વિંધાણી, ઉપલેટા

## Massage

Mr. Gulamkadar Gaji
Assalamo alaikum,

Hope you are doing well

I thank you and your all members for warm welcome & arranged such a good programe of 10 years celebrations of upleta memon samachar.

I appriciate each one efforts to make success of this programe, Each talent showed was a unique & played with great efforts.

I congratulate you & your all team for success of upleta memon samachr.

It was great moment that i was part of this programe. I really admired your work & efforts to make success of this occasion.

-Yakub
A.Gaffar Pochi,
America.

## અભિનંદન....



**ચંદ્રપુર :** રૂબીનાબાનુ મો.સલીમએ મહારાષ્ટ્ર યુનિવર્સીટી ઓફ હેલ્થ સાયન્સ દ્વારા 2015માં લેવાયેલ બી.એચ.એમ.એસ. ની પરિક્ષા પાસ કરી ચંદ્રપુર સમગ્ર મેમન સમાજનું ગૌરવ વધારેલ છે. તે બદલ ઉપલેટા મેમન સમાચાર ટીમ અભિનંદન પાઠવે છે. ઉત્તરોતર પ્રગતિના શિખરો સર કરે તેવી શુભેચ્છા પાઠવે છે.


Yasin Arif Deda
Cell : 91-9898160017

A Care Group Company

A Business venture of Kadarbhai Dhorajiwala

- વર્ષોના અનુભવીઓ દ્વારા કલાઈન્ટના હિતમાં સચોટ માર્ગદર્શન
  ૨૦૧૨માં Zee Business Channal દ્વારા માર્કેટ એનાલીસીસ
  એવોર્ડ માટે નોમીની તરીકે પસંદગી પામેલ યુવા Expert Yasin Deda
- પર્સનલી કલાઈન્ટ સેટીફિકશન અમારા દ્વારા.
- Fallow on f www.facebook.com/careconsultancys
  Like and Join us.
- Yahoo Messenger પર Carefinstocks@yahoo.com Add કરો અને Live Chat કરો.

Care Consultancy

Partner for your success

Stock Advisory, MCX Advisory, Stock & Commodity Broking

Zikariya Chowk, UPLETA - 360 490. Dist. Rajkot, (Guj.)

www.carefinstocks.com mail :-
ydeda@yahoo.com / info@carefinstocks.com


### ઈદઅંક - ૨૦૧૬ સંબંધી :-

*મેં અકેલા ચલાથા જાનીબે મંઝીલ મગર,*
*લોગ આતે ગયે ઔર કારવાં બનતા ગયા.*

ઉપલેટા મેમન સમાચાર તરફથી રાબેતા મુજબ ઈદઅંક-૨૦૧૬ ઈન્શા અલ્લાહ ૧ લી ઓગષ્ટ ૨૦૧૬ સુધી પ્રકાશિત કરવામાં આવશે. જેથી અમારા તમામ માનદ્ લેખકોને પોતાની કૃતિઓ, લેખો, માહિતીઓ મોડામાં મોડી તા. ૧ લી જુલાઈ -૨૦૧૬ સુધી સંસ્થાના કાર્યાલય ઉપર મોકલી આપવા નમ્ર પૂર્વક વિનંતી કરીએ છીએ.

### જાહેરાત સંબંધી :-

અમારા શુભેચ્છક વેપારી ભાઈઓને તેઓના વેપાર-રોજગારની શુભેચ્છા જાહેરાતો મોકલાવી સમાજ ઉપયોગી આપના પોતાના આ ઉપલેટા મેમન સમાચારના કાર્યમાં સહભાગી થવા વિંનતી કરીએ છીએ.

અત્યારના મોંઘવારીના સમયમાં પ્રિન્ટીંગ વધુ મોંઘુ થઈ ગયેલ હોવા છતા રાબેતા મુજબ કલરફુલ આખા પેઈજની જાહેરાતના ડોનેશન રૂા. ૧૦,૦૦૦/-, હાફ પેઈજ રૂા. ૫,૦૦૦/- નક્કી કરેલ છે.

જાહેરાત મોકલવા માટે નિચે જણાવેલ સભ્યાનો કોન્ટેક કરવા વિનંતી.

૧) યુસુફ સોરઠીયા - ૯૮૨૫૪૪૭૧૩૮
૨) મતીન હડફા - ૮૪૦૧૯૭૭૬૩૦
૩) ઝુબેર ધરાર - ૯૪૨૭૨૩૯૮૦૭
૪) ઈસ્માઈલ કાસમાણી-૯૯૨૪૩૨૩૩૬૭

ધી મુસ્લિમ કુતુબખાના-ઉપલેટા દ્વારા પ્રકાશિત...
ઉપલેટા મેમન સમાચાર
માસિક મુખપત્ર



મર્હુમ અ.કરીમ કાસમ છેલ
સંસ્થાપક,
ધી મુસ્લિમ કુતુબખાના,
ઉપલેટા.



મર્હુમ અ.ગફાર પોચી
પ્રેરણાસ્ત્રોત,
ઉપલેટા મેમન સમાચાર

**PRINTED MATTER**

**BOOK-POST**

**If Undelivered please return to......**

*The Muslim Kutubkhana*
Bhadar Road, UPLETA - 360 490.
Dist. Rajkot (Guj.)
Ph. : (02826) 221098.
E-mail : muslimkutubkhana@rediffmail.com

ફાઉન્ડર માનદ્દ તંત્રી : ગુલામકાદર ગાજી (એડવોકેટ) મો. 99795 11809, ચીફ એડિટર : યુસુફ રજાક સોરઠીયા - મો. 9825447138.

# સમસ્ત મેમન જમાત-ઉપલેટા દ્વારા યોજાયેલ સ્નેહ મિલન અને ઈનામ વિતરણ કાર્યક્રમ







તા. ૧૭-૪-૨૦૧૬ રવિવાર સવારના ૧૦:૩૦ કલાકે ઈદગાહ ગ્રાઉન્ડમાં માર્ચ ૨૦૧૪ તથા માર્ચ ૨૦૧૫માં સારા માર્કસથી ઉતીર્ણ થયેલ ધો. ૧ થી ડીગ્રી કોર્ષ સુધીના વિદ્યાર્થી ભાઈ-બહેનોને ઈનામ વિતરણ તથા મેમન પરિવાર એકબીજા સાથે પોતાના વિચારોની આપ લે કરી શકે તેવા નેક ઉદ્દેશથી સ્નેહ મિલન સમારોહ સમસ્મત મેમન જમાત-ઉપલેટા તરફથી રાખવામાં આવેલ હતો. આ સમારોહના અધ્યક્ષ જનાબ ડૉ.નાસીર ફુલારા (માજી પ્રમુખ ઓ.ઈ.મે.જ.ફે.), ગેસ્ટ ઓફ ઓનર હા.યાકુબશેઠ પોચી, મુખ્ય મહેમાનોમાં હા.લતીફભાઈ હાકમ (પ્રમુખ ઉપલેટા મેમન જમાત-મુંબઈ), હા. અખ્તરભાઈ બબલા (પ્રમુખ ઉપલેટા મેમન જમાત-સુરત), મામલતદાર સાહેબ-ઉપલેટા, આરીફભાઈ બબલા, અલ્તાફભાઈ જમાણી, રજાકભાઈ ખાંડા, ઈસ્માઈલભાઈ ઘેટા, અનીસભાઈ ચાચીયા, હા.ફારૂકશેઠ તુમ્બી, હનીફભાઈ અલ, દાનભાઈ ચંદ્રવાડિયા, લાખાભાઈ ડાંગર, બાબુભાઈ ડેરએ સ્ટેજને શોભાવેલ હતા. પ્રોગ્રામની શરૂઆત તિલાવતે કુર્આને બાદ હા.રફીકભાઈ મુસાણીએ સ્વાગત પ્રવચન કરેલ હતા અને તમામ મહેમાનાને પુષ્પ ગુચ્છ તથા શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવેલ હતા. હા.હનીફભાઈ કોડીએ ૪૦ વર્ષની જમાતની કામગીરીનો અહેવાલ આપેલ હતા જયારે મામલતદાર સાહેબ, દાનભાઈ ચંદ્રવાડિયા, રજાકભાઈ ખાંડા, બાબુભાઈ ડેર પ્રસંગોપાત પ્રવચનો કરેલ. જનાબ લતીફભાઈ હાકમ તથા હા.યાકુબશેઠ પોચીએ કોડી ચેમ્બરમાં ૧૫ ફ્લેટો તથા મીરા નગરમાં ૨૨ ફ્લેટોની જાહેરાત કરી બાંધકામ ચાલુ કરાવેલ તેમજ ભોલાભાઈએ પોતાના પ્રવચનમાં કોલોની રીપેરીંગ તથા હોસ્પીટલ તથા જમીન લેવા માટે જણાવેલ હતા. આ તબક્કે જમાતના કાર્યાલય માટે એક દુકાન લેવાની તથા કોડી બંધુ તરફથી મરણ થયેલ ડેડ બોડીને ૧૨ કલાક સુધી કોલ્ડ રાખી શકાય તેવુ કોફીન આપવાની જાહેરાત કરેલ હતા. અધ્યક્ષ સ્થાનેથી ડૉ. નાસીરભાઈ ફુલારાએ દિન અને દુનિયાવી એજ્યુકેશનની શીખ વિદ્યાર્થી ભાઈ-બહેનોને આપેલ હતી. ત્યાર બાદ ૧૩૦ વિદ્યાર્થી ભાઈ-બહેનોને ઈનામો આપવામાં આવેલ હતા.





આભાર વિધિ અને આ પ્રોગ્રામનું સફળ સંચાલન જનાબ હા.હનીફભાઈ કોડીએ કરેલ હતુ.

આ કાર્યક્રમ પૂર્ણ થતા અગાઉ જાહેરાત કરેલ તેવીજ રીતે દ્વારાં બંધ આખા ઉપલેટામા વસતા મેમન ભાઈ-બહેનોનું જમણવાર શરૂ કરવામાં આવેલ અને સહુ સાથે મળી જમણવાર લીધેલ હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા હાલ સમસ્ત મેમન જમાત-ઉપલેટાની કોરોબારીના સહુ સદસ્યો કે જેઓ પોતાનું કિમંતી સમય અને તન-મન અને ધનથી સાથ આપી પ્રોગ્રામને સફળ બનાવેલ હતા.

રિપોર્ટ : હનીફભાઈ કોડી, ઉપલેટા.

NOBLEHOOD™ SCHOOL
Globalized education at door step
AN ISO 9001:2008 Certified School
એકમાત્ર A.C. સ્કૂલ ઉપલેટામાં
Admission Open
(Nursery to Std. 12)
ગુજરાતી & ઈંગ્લીશ માધ્યમ
Cell : 97129 64040 | 97129 64545
Old Porbandar Rd., Opp. Hindway Bridge, Canal Rd., Upleta-360490

